RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 100 * Date: 30.01.2025,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# દિલ્હીના લોકો ભાજપની ડબલ એન્જિન સરકાર ઈચ્છે છે: મોદી



દિલ્હીમાં રહેતા અમારા તમામ જજ, જસ્ટિસ અને આદરણીય સભ્યો હરિયાણાથી મોકલવામાં આવતું આ પાણી પીવે છે. તમારા વડાપ્રધાન પણ આ જ પાણી પીવે છે. શું કોઈ કલ્પના કરી શકે કે મોદીને ઝેર આપવા માટે હરિયાણાએ ઝેર આપ્યું હશે? શું વાત કરો છો.પીએમએ ચૂંટણી રેલી દરમિયાન કુંભ દુર્ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો હતો. ઁએ કહ્યું- મહાકુંભમાં થયેલા દુઃખદ અકસ્માતમાં આપણે કેટલાક પુણ્યશાળી આત્માઓને ગુમાવ્યા છે. તેમના પરિવાર પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું. મૌની અમાવસ્યાના કારણે કરોડો ભક્તો ત્યાં પહોંચી ગયા છે. થોડા સમય માટે નહાવાની પ્રક્રિયા અટકાવવી પડી હતી પરંતુ હવે ભક્તો સરળતાથી સ્નાન કરી રહ્યા છે.દિલ્હી કહી રહ્યું છે કે છઁની લૂંટ અને જુઠ્ઠાણા નહીં ચાલે કામકાજનો દિવસ હોવા છતાં, તમે બપોરે અમને બધાને આશીર્વાદ આપવા માટે આટલી મોટી સંખ્યામાં અહીં આવ્યા છો. હું તમારો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. પરંતુ આ એક દ્રશ્ય છે, જે દિલ્હીનો મિજાજ જણાવે છે. દિલ્હીનો આદેશ બતાવે છે. દિલ્હી કહી રહ્યું છે કે હવે છઁ-દાના બહાના નહીં ચાલે. છઁના ખોટા વચનો કામ નહીં કરે. દિલ્હી કહી રહ્યું છે કે છઁની લૂંટ અને જુઠ્ઠાણા ચાલશે નહીં.દિલ્હીના લોકો ભાજપની ડબલ એન્જિન સરકાર ઈચ્છે છે દિલ્હીની જનતા ભાજપની ડબલ એન્જિન સરકાર ઈચ્છે છે. અમે એવી સરકાર ઈચ્છીએ છીએ જે ગરીબો માટે ઘર બનાવે. દિલ્હીનું આધુનિકીકરણ કરો, દરેક ઘરમાં નળથી પાણી આવે, ટેન્કર માફિયાઓથી મુક્તી અપાવે. દિલ્હી કહે છે કે ૫ ફેબ્રુઆરી આવો, ભાજપ આવશે, છઁ-દા જશે.

કોંગ્રેસ-આપએ ૨૫ વર્ષમાં તમારી બે પેઢીઓને બરબાદ કરી દીધી છે આ ૨૧મી સદી છે. ત્યારથી ૨૫ વર્ષ વીતી ગયા. તમે આના પ્રથમ ૧૪ વર્ષ જોયા હશે. અમે આમાં કોંગ્રેસનો કાર્યકાળ જોયો છે. છઁ-ઢછ સરકારને ૧૧ વર્ષ આપ્યા. પરંતુ દિલ્હીની સમસ્યા યથાવત છે. ૨૫ વર્ષથી આ બંનેએ તમારી બે પેઢી બરબાદ કરી નાખી છે. દિલ્હીને આ સ્થિતિમાંથી કોણ બહાર કાઢી શકે? તમારો એક વોટ આ પરેશાનીઓમાંથી મુક્તિ અપાવી શકે છે. અમારે ૧૧ વર્ષથી પેન્ડિંગ કામ પૂરું કરવાનું છે. આવનારા ૨૫-૩૦ વર્ષ માટે તૈયારીઓ કરવાની છે.શું કોઈ કલ્પના કરી શકે છે કે હરિયાણાના લોકો મોદીને ઝેર આપશે? દિલ્હીના પૂર્વ સીએમએ હરિયાણાના લોકો પર ઘૃણાસ્પદ આરોપો લગાવ્યા છે. હારના ભયથી આપ-દાના લોકો ગભરાઈ ગયા હતા. હરિયાણાના લોકો દિલ્હીથી અલગ છે. શું તેનો પરિવાર અને સંબંધીઓ દિલ્હીમાં નથી રહેતા? શું હરિયાણાના લોકો પોતાના બાળકોના પાણીમાં ઝેર ભેળવી શકે છે? દિલ્હીમાં રહેતા અમારા તમામ જજો અને આદરણીય સભ્યો હરિયાણાથી મોકલવામાં આવેલ આ પાણી પીવે છે.

## મુન્દ્રામાં એસીના લીધે નહી ગેસ લીકેજના કારણે થયો હતો બ્લાસ્ટ, પિતા પુત્રી બાદ માતાનું પણ સારવાર દરમિયાન મોત

કચ્છના મુન્દ્રામાં મંગળવારે વહેલી સવારે ૫ વાગ્યાની આસપાસ ધડાકાભેર બ્લાસ્ટ બાદ આગ લાગવાની ઘટના બની હતી. જેની પ્રાથમિક તપાસમાં મોટો ઘટસ્ફોટ થયો છે. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે આ બ્લાસ્ટ એ.સી.ના કોમ્પ્રેસરમાં નહી પરંતુ એલ.પી.જી. ગેસ લીકેજ થવાના કારણે બ્લાસ્ટ બાદ આગ લાગી હતી. આગ લાગતાં થોડી જ વારમાં આખું ઘર આગની ચપેટમાં આવી ગયું હતું. આ ઘટનામાં પિતા-પુત્રીનું મોત નીપજ્યું હતું. જ્યારે માતા ગંભીર રીતે દાઝી જતાં હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે. ત્યારે આજે કવિતા રાવનું આદિપુરની ખાનગી હોસ્પિટલમાં મોત નીપજ્યું છે. જોતજોતાં હસતો રમતો પરિવાર વેરવિખેર થઈ ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર મંગળવારે વહેલી સવારે મુન્દ્રામાં આવેલા સૂર્યનગરમાં એક મકાનમાં એલ.પી.જી. ગેસ લીકેજ થવાના કારણે ધડાકાભેર બ્લાસ્ટ થયો હતો. જેના લીધે ઘરની અંદર વિકરાળ આગ લાગી હતી. એલ.પી.જી. ગેસ લીકેજના કારણે બ્લાસ્ટ થયો ત્યારે પરિવારના ત્રણ સભ્યો ઘરમાં હતા. આ બ્લાસ્ટના લીધે ભભૂકી આગમાં ત્રણેય લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. જેમાં રવિ કુમાર રામેશ્વર રાય (ઉ.વ. ૪૧) અને જાનવી (ઉ.વ. ૨)નું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. જ્યારે પત્ની કવિતાબેન ગંભીર રીતે દાઝ્યા હોવાથી તેમને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ત્યારે ટૂંકી સારવાર બાદ આજે અક્વિતા રાવનું આદિપુરની ખાનગી હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું.

આ પણ વાંચો: કચ્છના મુન્દ્રામાં છઝના કમ્પ્રેશરમાં બ્લાસ્ટ થતાં લાગી આગ, પિતા-પુત્રીનું મોત, પત્ની ઈજાગ્રસ્તરવિ કુમાર રાયના મોટાભાઈના પરિવાજનોએ પોલીસ પૂછપરછમાં જણાવ્યું હતું કે મંગળવારે સવારે કવિતા રાય દૂધ ગરમ કરવા માટે ગેસ ચાલુ કરવા ગયા ત્યારે ધડાકાભેર બ્લાસ્ટ થયો હતો અને દુર્ઘટના સર્જાઈ હતી. આ બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે બંધ મકાનનો દરવાજો તૂટીને સામેના મકાનની છત પર પડ્યો હતો. સામેવાળા મકાનના કાચ પણ તૂટી ગયા હતા. આસપાસના સ્થાનિક રહીશો ભયભીત થઈને ઘરની બહાર દોડી આવ્યા હતા. તો બીજી તરફ પોલીસે જણાવ્યું હતું કે અમે એસી રિપેરિંગવાળા બોલાવી તપાસ કરાવી હતી પરંતુ એસીમાં કોઈ ખામી જણાઈ નથી.

## અમેરિકામાં લિંગ પરિવર્તન પર પ્રતિબંધ, ટ્રમ્પ સરકારે લીધો વધુ એક ચોંકાવનારો નિર્ણય

અમેરિકામાં ટ્રમ્પ સરકારે વધુ એક મોટો નિર્ણય લીધો છે. અમેરિકામાં હવે લિંગ પરિવર્તન કરવું સરળ નહી રહેશે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લિંગ પરિવર્તન કાયદા પર હસ્તાક્ષર કરી દીધા છે. ટ્રમ્પના આદેશ પ્રમાણે અમેરિકામાં ૧૯ વર્ષથી ઓછી ઉંમરના લોકો લિંગ પરિવર્તન નહીં કરાવી શકશે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે તેના પર પ્રતિબંધ મૂકવા માટે એક કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા છે. ટ્રમ્પે એક નિવેદનમાં કહ્યું કે, 'અમેરિકાની નીતિ છે કે તે બાળકના એક



લિંગથી બીજા લિંગમાં કહેવાતા 'ટ્રાન્ઝીશન'ને ફંડ, સ્પોન્સર, પ્રોત્સાહન, સહાય અથવા સમર્થન ન આપશે અને તે આ વિનાશક અને જીવન બદલનારી પ્રક્રિયાઓને પ્રતિબંધિત અથવા મર્યાદિત કરનારા તમામ કાયદાઓને સખતીથી લાગુ કરશે.'

તાજેતરમાં ટ્રમ્પે ટ્રાન્સજેન્ડરને લઈને પણ એક મોટો નિર્ણય લીધો છે. ટ્રમ્પે સોમવારે પેન્ટાગોનને એક સમીક્ષા કરવાનો નિર્દેશ આપ્યો હતો જેનાથી ટ્રાન્સજેન્ડરને લશ્કરી સેવામાંથી પ્રતિબંધિત કરી શકાય છે. આ પહેલા ટ્રમ્પે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતા જેમાં અમેરિકામાં સરકારી દસ્તાવેજોમાંથી ટ્રાન્સજેન્ડરનો ઓપ્શન જ હટાવી દીધો હતો.

## રાજકોટમાં ધો.૫ માં ભણતાં ૧૧ વર્ષના છોકરાનું હાર્ટએટેકથી મોત



ગુજરાતમાં બાળકો અને યુવાનોને હાર્ટ એટેક આવવાની ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે રાજકોટના જસદણ તાલુકાના જંગવડ ગામની કુમાર પ્રાથમિક શાળામાં ધો. ૫માં ભણતાં ૧૧ વર્ષના વિદ્યાર્થીને અચાનક છાતીના ભાગે દુખાવો ઉપડતા તરત જ સારવાર અર્થે હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં ડૉક્ટરે વિદ્યાર્થીને મૃત જાહેર કરતાં પરિવાર આઘાતમાં. રાજકોટના જસદણ તાલુકાના જંગવડ ગામની કુમાર પ્રાથમિક શાળામાં ધો. ૫માં અભ્યાસ કરતાં હેતાંશ દવેને અચાનક છાતીના ભાગે દુખાવો ઉપડ્યો હતો. આ પછી તાત્કાલિક ૧૧ વર્ષના હેતાંશને હોસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ ડૉક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. દીકરો ગુમાવતા પરિવારમાં શોકનો માહોલ છવાયો.

અમદાવાદ શહેરના થલતેજ-બોડકદેવ વિસ્તારમાં આવેલી ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રનની ૮ વર્ષની બાળકીનું શંકાસ્પદ સ્થિતિમાં મૃત્યુ નીપજ્યું હતું. ધો.૩ની વિદ્યાર્થિની ગાર્ગી રાણપરાને અચાનક છાતીમાં દુઃખાવો થયો હતો. ત્યારબાદ તેને અસહજ અનુભવાતા તે લોબી પરની ખુરશી પર બેસી ગઈ હતી. જ્યાં થોડી ક્ષણોમાં જ તે ઢળી પડી હતી. આસપાસમાં હાજર શાળાનો સ્ટાફ અને વિદ્યાર્થીઓ દોડી આવ્યા હતા. જે બાદ તેને શાળાના સ્ટાફ દ્વારા તાત્કાલિક ઝાયડસ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જો કે ડૉક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી. કાર્ડિયાક એરેસ્ટના કારણે સારવાર દરમિયાન બાળકીનું મોત થયું હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું હતું.

## રોબોટ ડોગ અને ડ્રોન વચ્ચે યુદ્ધ: વાઈરલ વીડિયોને કારણે ભવિષ્યમાં યુદ્ધ કેવું હશે એને લઈને ઉઠ્યાં સવાલ

સોશિયલ મીડિયા પર હાલમાં જ એક વીડિયો વાઇરલ થયો છે. આ વીડિયોમાં એક ફાઇટ જોવા મળી છે. આ ફાઇટ કોઈ બે વ્યક્તિ વચ્ચેની નથી, પરંતુ ટેક્નોલોજી વચ્ચે છે. ચીનમાં એક યુઝરે વીડિયો શેર કર્યો છે, જેમાં રોબોટ ડોગ અને ડ્રોન વચ્ચે ફાઇટ થઈ રહી છે. આ બન્ને મશિન સાથે ફટાકડા રાખવામાં આવ્યાં હતાં. આ બન્ને મશિન ફટાકડાને એક બીજા પર ફોડતાં



હતાં જેમ કે બન્ને એકબીજા સાથે બંદૂક અને રોકેટ દ્વારા હૂમલો નહીં કરી રહ્યાં હોય. આથી ભવિષ્યમાં કેવા યુદ્ધ થશે એની એક ઝલક જોવા મળી હતી. જોકે એના કારણે ઘણાં યુઝર્સના વિવિધ રિએક્શન પણ જોવા મળ્યા હતા.સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોમાં લાખો વ્યૂઝ અને હજારો લાઇક મળી છે. આ સાથે જ એને ઘણાં લોકોએ રીશેર પણ કર્યા છે. આ વીડિયોમાં ડ્રોન હવામાં ઊડી રહ્યું છે અને જમીન પરના રોબોટ ડોગને પોતાના લેન્ડિંગ ગિયર દ્વારા ફટાકડાઓ વડે હુમલો કરી રહ્યું છે. યુનિટ્રી રોબોટિક્સ દ્વારા પ્રોડ્યૂસ કરવામાં આવેલો રોબોટિક ડોગ પણ જોવા મળી રહ્યો છે. આ ડોગ, પોતાની સિસ્ટમનો ઉપયોગ કરીને, ડ્રોનને ટાર્ગેટ કરે છે અને ફટાકડા લોન્ચ કરે છે. આ બન્ને મશિન એકમેકના પર જે રીતે હુમલો કરે છે અને પોતાને હુમલાથી બચાવે છે એને લઈને ઘણાં લોકોએ ચિંતા વ્યક્ત કરી છે, તો ઘણાં લોકોને મજા પણ આવી છે.આ વીડિયોને કારણે, ભવિષ્યમાં જે પ્રકારે યુદ્ધ થવાનું છે એની એક ઝલક જોવા મળી છે. ભવિષ્યમાં કોઈ પણ યુદ્ધમાં હવે મનુષ્ય જોવા નહીં મળે. ફક્ત મશિનનો ઉપયોગ કરવામાં આવશે અને ફક્ત મશિનનનો ઉપયોગ હોવા છતાં એ યુદ્ધ ખૂબ જ ભયાનક સાબિત થશે. આ વીડિયોમાં જે ડોગ અને ડ્રોન જોવા મળ્યા હતા એ મિલિટરીમાં ઉપયોગ કરવામાં આવે એવા નથી. એમ છતાં, એ બન્ને મશિનની ક્ષમતા જોઈને ટેક્નોલોજી કઈ દિશા તરફ જઈ રહી છે એ કહેવું મુશ્કેલ નથી.

આ વીડિયોને લઈને ઘણાં લોકો ભવિષ્ય ભાંખી રહ્યા છે કે યુદ્ધમાં હવે મશિનનો ગેરકાયદેસર રીતે પણ ઉપયોગ થવાની શક્યતા છે. મશિનનો ઉપયોગ કરવા માટે પણ કેટલાક નિયમ હોવા જોઈએ અને જો એ નિયમ ન હોય, તો એ યુદ્ધ ક્યાંય જઈને ઊભી કરશે એનું કોઈ અંદાજ નહીં આવે. મનુષ્ય જ્યારે યુદ્ધ કરતાં હોય છે ત્યારે એક સમય બાદ તેઓ થકી જાય છે અને તેમને ઊંઘ અને ભોજનની પણ જરૂર પડે છે. છતાં, મશિન નોન-સ્ટોપ ચાલે છે અને એના કારણે દિવસ-રાત યુદ્ધ થઈ શકે છે અને એનો કોઈ અંત નહીં રહે.સોશિયલ મીડીયા પર આ વિડિયોને બે રીતે લેવામાં આવે છે. એક પક્ષ એવો છે કે તેમને ખૂબ જ મજા આવી છે, અને બીજો પક્ષ એવો છે

## મારે સોનાની ખાણ છે..!! મેટ્રીમોનીયલ સાઈટ પર લગ્નની વાત કરી અમદાવાદની યુવતી સાથે ૧૩.૨૦ લાખની ઠગાઈ

અમદાવાદ શહેરના સરખેજ વિસ્તારમાં રહેતી ૩૧ વર્ષીય યુવતીએ શાદી.કોમ પરથી લગ્ન માટે એક અમેરિકામાં રહેતો હોવાનો દાવો કરતા યુવકની પ્રોફાઇલ પસંદ કરી હતી. જેથી યુવકે તેના વિશ્વાસનો ગેરલાભ ઉઠાવીને અલગ અલગ કારણ આપીને યુવતી પાસેથી ૧૩.૨૦ લાખ રૂપિયાની રકમ મેળવીને છેતરપિંડી આચરી હતી. આ અંગે વેજલપુર પોલીસે ગુનો નોંધીને તપાસ શરી કરી છે.શહેરના જુહાપુરા મક્તમપુરા વિસ્તારમાં રહેતી ૩૧ વર્ષીય યુવતી તેના માતા પિતા સાથે રહે છે અને એક વિદેશી કંપની ઘરેથી વર્ક ફ્રોમ હોમ કરે છે. તેણે લગ્ન માટે શાદી.કોમ પર પ્રોફાઈલ મુકી હતી અને તેના માટે યુવકની પસંદ શરૂ કરી હતી. ગત નવેમ્બર ૨૦૨૪માં યુવતીને એક સૈયદ રેહાન રહેમાન નામના યુવકની પ્રોફાઈલ પસંદ આવતા તેણે તપાસ કરી હતી.

## તંત્રી લેખ....

# માંદી સરકારી કંપનીઓ માટે રૂ.૧૩,૦૦૦ કરોડના રાહત પેકેજની યોજના બનાવાઈ

૨૦૨૫ના એક મહિના કરતાં પણ ઓછા સમય પહેલા, કેન્દ્ર સરકાર બે સરકારી માલિકીની કંપનીઓને બચાવવા માટે લગભગ ૧.૫ બિલિયન ડોલરના (રૂ.૧૩ હજાર કરોડ) બેલઆઉટ પેકેજની યોજના બનાવી રહી છે, જેને તે ખાનગી કંપનીઓને વેચવામાં નિષ્ફળ ગઈ છે. સરકારે ઓછામાં ઓછા નવ સરકારી એકમોના ખાનગીકરણને મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે, જેનો સંબંધિત મંત્રાલયો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો હતો. જે કંપનીઓનું ખાનગીકરણ મુલતવી રાખવામાં આવ્યું છે તેમાં મદ્રાસ ફર્ટિલાઈઝર્સ, ફર્ટિલાઈઝર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, સ્ઝ્રૐ અને દ્વમ્ઝ્રૐ (ઈન્ડિયા)નો સમાવેશ થાય છે. હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશનને પણ ખાનગીકરણ માટે ચિહ્નિત કરવામાં આવ્યું હતું.

સરકારી ભંડોળથી પુનર્જીવિત થનારી સરકારી માલિકીની કંપનીઓમાં હેલિકોપ્ટર ઓપરેટર પવન હંસનો સમાવેશ થાય છે. સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે સરકાર તેના જૂના કાફલાને આધુનિક બનાવવા માટે પવન હંસમાં ૨૩૦-૩૫૦ મિલિયન ડોલરનું રોકાણ કરવાની યોજના બનાવી રહી છે. આ કંપનીને વેચવાના ચાર પ્રયાસો નિષ્ફળ ગયા છે. ગયા અઠવાડિયે, સરકારે દેવામાં ડૂબેલી સ્ટીલ ઉત્પાદક રાષ્ટ્રીય ઈસ્પાત નિગમ લિમિટેડના પુનરુત્થાન માટે ૧.૩ બિલિયન ડોલરના પેકેજની જાહેરાત કરી હતી.

# ડીસામાં ૭૬માં પ્રજાસત્તાક દિનની આનં બાન અને શાન સાથે ઉજવણી કરાઇ



ડીસા

ડીસા અમનપાર્ક ખાતે આવેલ જે ડી મેમણ તથા ઈકરા માધ્યમિક શાળા ખાતે ૭૬માં પ્રજાસત્તાક દિવસ ની ધામ ધૂમ થી ઉજવણી કરી હતી આ પ્રસંગે શાળા ના ટ્રસ્ટી સમીરભાઈ મેમણ દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે શાળા ના બાળકો દ્વારા પ્રભાત ફેરી હુસેની ચોક થી બિહારી બાગ થઈ સ્કૂલ પરત ફરી જેમાં શાળા માં બાળકો દ્વારા હાથ માં ઝંડા સાથે સૂકી રોટી ખાયેગે દેશ કો બચાયેગે જેવા સૂત્રો પોકારી પ્રજાસત્તાક દિવસ ની ઉજવણી કરી હતી જ્યારે શાળા ના બાળકો દ્વારા સાસ્કૃતિક કાર્યકમો કરી સૌને ચકિત કરી દીધા હતા આ પ્રસંગે શાળા ના પ્રમુખ હાજી હનીફભાઇ મેમણ એ જણાવ્યું કે ૨૬ વર્ષ થી શાળા ને પૂરા થતા મુરાદ ભાઈ શેખ તથા મર્હુમ હાજી તહિરહુસેન્ ને યાદ કરી તેમની કુરબાની ને બિરદાવી હતી આ પ્રસંગે શાળા ના પ્રમુખ હાજી હનીફભાઇ મેમણ તથા

શેખ એહમદ વકીલ, સમીર ભાઈ મેમણ , મુસ્તકીમ ભાઈ મેમણ વકીલ, ઈદરીષ ભાઈ પત્રકાર, જમીલ ભાઈ પત્રકાર, સાદિક ભાઈ મેમણ, મોહસીન ભાઈ સેખ વકીલ, લુકમાંન ભાઈ મેમણ સહિત મોટી સંખ્યામાં શાળા ના બાળકો સહિત સ્થાનિક લોકો હાજર રહી પ્રજાસત્તાક દિવસ ની ઉજવણી કરી હતી આ પ્રસંગે સમગ્ર કાર્યકમ નું સંચાલન હુસેના બેન પઠાણે કર્યું હતું જ્યારે કાર્યક્મ ને સફળ બનાવવા આચાર્ય સોહિલ ભાઈ મેમણ તથા ફેઝાંનભાઈ શેખ તથા શાળા પરિવારે ભારે ઝેહમત ઉઠાવી હતી

# ઉજ્જવળ ભવિષ્ય માટે દેશના સમૃદ્ધ વારસા અને વિકાસને સાકાર કરીએ



ભારતનું બંધારણ ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦થી અમલમાં આવ્યું છે. ત્યારથી આપણા દેશમાં ૨૬ જાન્યુઆરીની પ્રજાસત્તાક દિન તરીકે ખૂબ ધૂમધામથી ઉજવણી કરવામાં આવે છે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર સાથેના સંકલન અને સહયોગથી પારા લીગલ વોલ્યુન્ટીયરસ તરીકે સ્વૈચ્છિક અને માનદ સેવાઓ આપતા શ્રી અનિલ કક્કડના પ્રયાસોથી અન્યઁન્ફ ખીમજીભાઈ પરમારને સાથે રાખી ૭૬મા પ્રજાસત્તાક દિનની સેક્ટર-૨૨, વાસ્તુનિર્માણ સોઆયટી, ગાંધીનગર ખાતે ઉત્સાહ સાથે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

મુખ્ય વકત્તા શ્રી કક્કડએ આપણા દેશના બંધારણના પાયાની મુળભુત જોગવાઈઓનો ઉલ્લેખ કરી સને ૨૦૨૫ ના વર્ષ માટેની થીમ " સ્વર્ણિમ ભારત- વિરાસત અને વિકાસ " ના મુદ્દા ઉપર ભાર આપ્યો હતો. સોસાયટીના યોગા ક્લાસની મહિલાઓ, સામાજિક કાર્યકરો, બાળકો, વયસ્ક નાગરિકો અને પ્રતિષ્ઠિત અગ્રણીઓ દ્વારા રાષ્ટગીત, રાષ્ટ ધ્વજને પુષ્પ વર્ષા, ભજનો, સ્વાતંત્ર સેનાનીઓએ આપેલા બલિદાન બદલ શ્રધ્ધાંજલી , મૌન પ્રર્થના જેવા કાર્યક્રમો યોજાયા હતા. અંતમા " વંદે માતરમ " " ભારત માતા કી જય " " આઝાદ ભારત અમર રહો " ના નારા, દેશના બંધારણના જુદા જુદા બેનર, પ્લે કાર્ડ વિગેરે સાથે રેલી યોજાઇ હતી.

# 'ચીની કે ડિબ્બે મેં ક્યાં હૈ? ચાયપતી કે ડિબ્બે મેં ક્યાં હૈ? '-રાજુ રદ્દીનો શરાબી સવાલ

'ખાલી ડબ્બા, ખાલી બોટલ લે, લે લે મેરે યાર, ખાલી સે નફરત ન કરના, ખાલી સબ સંસાર હોં હોંઓઓં.' રાજુ રદ્દી બેસૂરા એટલે કે પાડાસૂરે( કયાં સુધી ભેંસાસૂર ચલાવવાનું ? આ શબ્દમાં જેન્ડર બાયસ છે. લેડીઝ ફર્સ્ટ એટલે પાડા અર્થાત્ પુલિંગને અન્યાય કરવાનો?) ગાતો આવ્યો.હકીકતમાં ખાલી ચણો વાગે તેમ ખખડતા ડબ્બા જેવો અવાજ કાનને ખૂંચ્યો પણ ખરો. રાજુ પ્યાલા બરણીવાળાની જેમ ચા-ખાંડના ડબ્બા , પ્લાસ્ટિક- સ્ટિલના ડબ્બા સાથે પ્રગટ થયેલ. સ્ટિલના એક ડબ્બાની અંદર સાત ડબ્બીમાં રાય, મેથી, જીરૂ, મરચું, હળદર, ધાણાજીરૂ જેવા મસાલા ભરવામાં આવે તેને મસાલિયુ કહેવામાં આવે છે. ટિફિનના ખાનાને પણ ડબ્બા કહેવામાં આવે છે.

' રાજુ, આ બધું શું માંડ્યું છે? રાજુ બખડજંતરની નોકરી છોડી પ્યાલાબરણીનું સ્ટાર્ટએપ કે ઈનોવેશન શરૂ કર્યું કે શું?' મેં રાજુને ખખડાવ્યો.

' ગિરધરલાલ, પ્રાણ જાય અરે એનિમલ ફિલ્મનો વિલન બોબી દેઓલ જાય .પરંતું, બખડજંતર ચેનલની નોકરી કદાપિ ન છોડું. ' રાજુએ ભાવવિભોર થઇ સ્પષ્ટતા કરી.

'ગિરધરલાલ, આ ડબ્બો શેનો છે તે તો કહો?' રાજુએ એક નાનો લંબગોળ ડબ્બો દેખાડીને ઉખાણું પૂછયું.

' રાજુ, ડબ્બો સ્ટિલનો છે.' મે જવાબ આપ્યો. મારો જવાબ રાજુને જુલાબ જેવો લાગ્યો. તેણે મોં મચકોડ્યું .

' અરે બુધ્ધુલાલ, એ તો મને ખબર છે ? ડિબ્બે કે અંદર કયાં હૈ?ડિબ્બે કે અંદર કયાં હૈ?' રાજુએ કોકડું ગૂંચવ્યું.

' ડબ્બો ભરેલો હશે.' મેં અનુમાન લગાવ્યું.

' ગિરધરલાલ, ડબ્બો ખાલી છે.' રાજુએ જાદુગર કે. લાલની જેમ આબરા ડાબેરા જેવું અગડમ્ બગડમ કર્યું.

' રાજુ ,આ ડબાયણ કેમ અને શા માટે?' મે સવાલ દોહરાવ્યો.

' ગિરધરલાલ, ડબ્બા આપણા જીવનનું અભિન્ન અંગ છે. આપણે ત્યાં ઘઉંના કે લોટના ડબ્બામાં ઘરેણા કે ગૃહિણીની ખાનગી બચતો રાખવામાં આવે છે. સામાન્ય રીતે ડબ્બા અપારદર્શક હોય છે. જો કે હવે, બજારમાં પારદર્શક ડબ્બા મળે છે.મિઠાઇના ડબ્બા મામા જેવા વ્હાલા લાગે છે.લગભગ નિરક્ષર પરંતુ અદ્ભુત કોઠાસૂઝ ધરાવતા મુંબઈના ડબ્બાવાળા લોકો આઈઆઈએમમાં એમબીએના વિધાર્થીને મેનેજમેન્ટના પાઠ ભણાવે છે.કોઇને બોધા જેવો હોય તો આપણે તેને સાવ ડબ્બા જેવો કહીએ છીએ. કોઇ નિષ્ફળ ગયો હોય તો તેના ડબ્બાગૂલ થયા તેમ કહીએ છીએ. ખાલી ચણો વાગે ઘણો તેમ કહીએ છીએ. પરંતુ, ખાલી ડબ્બો ખખડે કે નહી કે બાબતે ખખડીને કાંઇ કરતા કાંઇ કહેતા નથી.' રાજુએ ડબ્બા માહત્મય કહ્યું.

' રાજુ તને ડબ્બા કે દાબડા પાર્ટી વિશે જાણકારી છે?'
મેં રાજુને અનપેક્ષિત સવાલ પૂછયો.

' ગિરધરલાલ કેટલાક પક્ષના કાર્યકરો ડબ્બામાં જમવાનું ભરીને બેઠક કરે છે. સૌ સૌના ડબ્બા કે ટિફિનમાંથી વાનગી આરોગે અને પક્ષની બેઠકના એજન્ડા પર ચર્ચા કરે.'રાજુએ ટુ મિનિટ મેગી જેવો ઈન્સટન્ટ આન્સર આપ્યો .

' રાજુ, તમે મહિલાઓની કિટી પાર્ટી વિશે ખબર છે?' મે રાજુને પૂછયુ.

' ગિરધરલાલ ,હું તમને કયાં એન્ગલથી સ્ત્રી લાગુ છું?' રાજુ નારાજ થઇ ગયો. નારીની જેમ મોં ફૂંગરાવ્યુ. મને લાગ્યું કે રાજુ રાણી કૈકેયીની જેમ હાથપગ પછાડતો પછાડતો કોપભવનમાં સિધાવશે!

' રાજુ, શહેરમાં ગૃહિણી ટાઇપની મહિલાઓ તેમની જીંદગીની બોરિયત ઓછી કરવા અને આનંદ પ્રમોદ કરવા દસ બાર ગ્રુપ બનાવે છે. મહિનામાં એક કે બે વાર બપોરે કે સાંજના સમયે કોઇના ઘરે કે રેસ્ટોરેન્ટમાં કિટી પાર્ટી કરે છે. જેમાં વાતોના વડા, ગોસિપ, ખોદણી કરે છે. સાસુસસરાનું લસોટયા કરે .બજારમાં કપડાંની કંઇ ફેશન છે, કયા સેલ છે, ટયુબ ટોપ સારું કે બ્રા સારી તેની ચર્ચા કરે છે. હીરો હીરોઇનના એકસ્ટ્રા મેરિટલ અફેર્સની રસભરી વાતો કરે છે. હાઉસી કે તીનપતી રમે છે. કોલ્ડ કે હોટ ડ્રિંક ગટગટાવે છે. વાનગીની જયાફત ઉડાવે છે. જેના ઘરે કિટી પાર્ટી હોય તે માનુની ઓછામાં ઓછા ખર્ચે છવાઇ જવાના હવાતિયા મારતી હોય છે. પોતાના ઘરે બટેટાપૌંઆ બનાવે અને કૂકડીની ( દર વખતે કૂકડાએ કૂકડે કૂક કરી ગાંગરવાનું? કૂકડીને પણ કૂક ડે કૂર કરવાની તક મળવી જોઇએ કે નહી?) બાંગ પોકારે . કોઇના ઘરે માલપૂડા હોય તો ટીકાનો માલકોંશ આલાપ્યા કરે!' અમે કિટી પાર્ટીની કુંડળી કાઢી.

'ગિરધરલાલ, કિટી પાર્ટીએ એક મહિલાની જિંદગીનું વહાણ ખોરંભે ચડાવી જીંદગી ધૂળધાણી કરી નાંખી.' રાજુએ સસ્પેન્સ સસ્પેન્સની રમત ચાલુ કરી.

' રાજુ, પણ એ કેવી રીતે ?' મારી જિજ્ઞાસા વધતી ગઇ.

' અમદાવાદના મણિનગરમાં એક ભાઇ બસ ડ્રાઇવર છે.રાત્રે પણ બસ ચલાવવાની હોય. એ ભાઇની પત્ની એકમતીથી કંટાળેલી .એ મહિલાએ આજુબાજુની કોઇ કિટી પાર્ટી જોઇન કરી. હાઇ એજયુકેટેડ સોસાયટીની મહિલાઓ એકાદ પેગ લગાવે તો કોઇ હંગામો બંગામો થતો નથી. મદિરાપાન કરવું એ સ્ટેટસમાં ખપાવાય છે.એ એકલવાયી મહિલા પણ કિટી પાર્ટીમાં છાંટો પાણી કરવાની લત લાગી ગઇ. મોહે રંગ દે રંગ દે ગીતની જેમ મદિરાપાનની લત કુટેવ બની ગઇ. હવે તે મહિલાને રોજ શરાબપાન કરવું પડે તેવી નોબત આવી. પતિ અને પુત્રીથી છુપાવીને પહેલી ધારનો પીવા લાગી. ઘરમાં દારૂની બોટલ છુપાવવા માટે ભેજું લડાવ્યું. ચા-ખાંડના ડબ્બામાં બોટલ છૂંદાવવા માંડી' રાજુએ વાત પરથી પડદો ઉઠાવ્યો .

' એટલે પીને વાલો કો બોટલ છુપાને કી જગહ ચાહિયે. રાજુ હવે તો તે મહિલાનો પતિ ગીત ગાઇને પૂછતો હશે કે ચીની કે ડિબ્બે મેં કયાં હૈ? ચાયપતી કે ડિબ્બે મેં કયા હૈ?'મે કાવ્યાત્મક પૃચ્છા કરી.

' ગિરધરલાલ એ મદ્યાંગના કહેતી હશે કે ચીની કે મેરી બોટલ, ચાયપતી કે ડિબ્બે મેં વાઇન કી બોટલ, યહ ના દૂંગી ગોરધનજી , ગોરધનજી એમ લથડિયા ખાતા ખાતા કહેતી હશે.

' રાજુ એ બાટલીબાનુ કહેતી હશે કે મુજકો પતિદેવ માફ કરના મેં નશે મેં હૂ.' રાજુએ મદિરોડયન કર્યું .

' ગિરધરલાલ, મદિરા પીવાનો માત્ર પુરુષોનો જ થોડો હક્ક છે? હમારે દેશ કી મહિલા મર્દો સે કયા કમ હૈ?એ મહિલા પુરૂષ સમોવડી બની ગઇ. પુરૂષના ખભે ખભા મિલાવીને મદિરાપાન કરવા લાગી. સાચે જ મેરા દેશ બદલ રહા હૈ.' રાજુએ તારણ કાઢ્યું .કિટી પાર્ટી કોઇના માટે કટી પાર્ટી બની ગઇ.

અભયમની દરમિયાનગીરીથી હાલ તો માફામાફી પછી મામલે રફેદફે થયો છે. પરંતું, જૂના રોગ અને શરાબ પીવાની આદતનો કોઇ ભરોસો નથી જૂનો રોગ ગમે ત્યારે ઊથલો મારે છે તેમ દસ વાર દારૂ છોડનાર અગિયારસે અગિયારમી વાર ફરાળી દારૂ ગટગટાવે છે.

ભરત વૈષ્ણવ

# ટેક્નોલોજી ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે તે માનવતા અને જીવનમૂલ્યો સાથે જોડાયેલી હોય : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી




ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટિ (ૅ) ના ૧૪મા પદવીદાન સમારંભમાં રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતાપિતાને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. આધુનિક ટેકનિકલ વિકાસ પર ચર્ચા કરતાં તેમણે જણાવ્યું કે ટેક્નોલોજી ત્યારે જ અર્થપૂર્ણ બને છે જયારે તે માનવતા અને જીવનમૂલ્યો સાથે જોડાયેલી હોય. તેમણે વિદ્યાર્થીઓને કહ્યું કે, ટેકનિકલ પ્રગતિ સાથે નૈતિકતા, ઈમાનદારી અને કરુણા જેવા જીવનમૂલ્યો પણ અપનાવવા જોઈએ.

તેમણે જણાવ્યું હતું કે, દીક્ષાંત સમારોહ ફક્ત ડિગ્રી પ્રાપ્ત કરવાનો અવસર નથી, પરંતુ જીવનના નવા અધ્યાયનો આરંભ છે. શિક્ષણનો અંતિમ ઉદ્દેશ્ય ફક્ત ભૌતિક સુખ પ્રાપ્ત કરવાનો નથી, પરંતુ માનવતાના ઉચ્ચતમ મૂલ્યોને આત્મસાત કરવાનો છે. જ્યાં સુધી આપણે શિક્ષણને રાષ્ટ્રના હિત સાથે નહી જોડીએ, ત્યાં સુધી તે અધુરુ છે. રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓને કુળની પ્રતિષ્ઠા વધે, સમાજનું ગૌરવ વધે અને ભારતનો વૈભવ વધે એવું જીવન જીવવા અનુરોધ કર્યો હતો.

રાજયપાલે વિદ્યાર્થીઓને જવાબદાર નાગરિક બનવાનો સંદેશ આપતાં કહ્યું કે, રાષ્ટ્ર પ્રત્યેનું યોગદાન જ શિક્ષણનો ખરો ઉદ્દેશ છે. તેમણે યુવાનોને અપીલ કરી કે તેઓ પોતાની પ્રતિભા અને જ્ઞાન રાષ્ટ્ર નિર્માણ અને સમાજના કલ્યાણ માટે સમર્પિત કરે.

આ પ્રસંગે રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ૠષિકેશ પટેલ, લાર્શન એન્ડ ટુબ્રોના ડાયરેક્ટર અને ઉપાધ્યક્ષ શ્રી જયંત પાટીલ, ૅના કુલપતિ ડૉ. રાજુલ ગજ્જર, ટેકનિકલ શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સુનયના તોમર અને અનેક વિશિષ્ટ અતિથિઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ભારતના વૈભવી અતીતની મહાન સિદ્ધિઓનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, ભારત પ્રાચીન સમયમાં 'વિશ્વગુરુ' અને 'સોનેકી ચીડિયા' હતું. ગામેગામ આત્મનિર્ભરતાના ઉદાહરણો હતા, જ્યાં દરેક વ્યક્તિ પોતાની કુશળતાથી અર્થતંત્રને મજબૂત બનાવતી હતી. તેમણે વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિના મહાન વારસાને અપનાવવાના અને ગુલામીની માનસિકતાથી બહાર આવવાના આહ્વાન કર્યું હતું. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા' અભિયાનની પ્રશંસા કરતાં રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, યુવા ભારતને આત્મનિર્ભર બનાવવા માટે મહત્વની ભૂમિકા ભજવી શકે છે. તેમણે ૅ ના યોગદાન અને વિદ્યાર્થીઓના નવાચારની ભાવનાની સરાહના કરી હતી. આ પ્રસંગે રાજયપાલે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ૅના વિદ્યાર્થીઓ ટેકનિકલ અને નૈતિક મૂલ્યો સાથે ભારતને ૨૦૪૭ સુધીમાં એક વિકસિત ભારત બનાવવા માટેના સંકલ્પને સાકાર કરશે.

રાજયપાલશ્રીએ પદવી મેળવનાર તમામ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવીને વિદ્યાર્થીઓની સફળતા આપણા દેશની પ્રગતિ અને વિકાસમાં એક નવો અધ્યાય ઉમેરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે આરોગ્ય તથા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ૠષિકેશભાઈ પટેલે પદવી મેળવનારા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતાં કહ્યું કે, દીક્ષા મેળવવાથી શિક્ષાનો અંત નથી આવતો, પરંતુ વિદ્યાર્થી તરીકે મળેલા જ્ઞાનનો સમાજ માટે ઉપયોગ કરવાનો સમય હવે શરૂ થવાનો છે. તેમણે વધુમાં કહ્યું કે, ભારતમાં જ્ઞાન, સંસ્કૃતિ અને શાસ્ત્રોની ઉજ્જવળ પરંપરા રહી છે. વિજ્ઞાન, ગણિત, ચિકિત્સા, એટોમિક એનર્જી સહિતનાં તમામ ક્ષેત્રે ભારતીય ૠષિ -મુનિઓએ કરેલાં શોધ-સંશોધનો આપણાં શાસ્ત્રોમાં ઉલ્લેખ છે.

મંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, ૧૯મી સદી 'મની પાવર'ની સદી હતી, ૨૦મી સદી 'નૉલેજ'ની સદી હતી અને ૨૧મી સદી ઉદ્યોગની સદી છે. વર્ષો પહેલાં આપણાં શાસ્ત્રોમાં કરેલી અનેક કલ્પનાઓ અને અત્યાર સુધી માત્ર ફિલ્મોમાં ફિક્શન તરીકે જોયેલી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને રોબોટિક્સ જેવી ઘટનાઓ હવે વાસ્તવિકતા બની રહી છે.

મંત્રીશ્રી પટેલે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ જ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું જે સ્વપ્ન જોયું છે, તે સ્વર્ણિમ યુગના સ્વપ્નને સાકાર કરવાનું સૌભાગ્ય અને જવાબદારી આજના યુવાનોની છે. આજે વિશ્વની અનેક મોટી કંપનીઓના સીઈઓ મૂળ ભારતીય છે, ત્યારે વડીલોએ અર્જિત કરેલા જ્ઞાનની પરંપરાને ઉજ્જવળ બનાવવા અને વિકસિત ભારત બનાવવાની દિશામાં આગળ વધવા સૌ દીક્ષાર્થીઓને અનુરોધ કર્યો હતો.

એલ એન્ડ ટી ના ડાયરેક્ટર અને વાઈસ પ્રેસિડન્ટશ્રી જયંત પાટીલે જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત માટેની આ 'ઈન્ડિયાથી ભારત' સુધીની યાત્રા છે. તેમણે કહ્યું કે સમજણપૂર્વકનું જ્ઞાન મેળવી તેને આધારે આગળ વધવું જોઈએ. શ્રી પાટિલે ઉમેર્યું કે, ઈતિહાસ એ શ્રેષ્ઠ શિક્ષક છે અને તેની ભૂલોમાંથી શીખવું જોઈએ. હડપ્પિયન કાળમાં લોથલ એ વૈશ્વિક વેપારનું મહત્ત્વનું કેન્દ્ર હતું, જયારે મધ્યકાલીન યુગમાં સુરતમાં જહાજ બાંધવાનો ઉદ્યોગ ધમધમતો હતો. ભારતની આ વિરાસત આજે પુનઃસ્થાપિત થઈ રહી છે. તેમણે જણાવ્યું હતું કે ૨૫૦૦ વર્ષ પહેલાં ભારતના આન્ત્રપ્રિન્યોરનો વિશ્વમાં ડંકો વાગતો હતો. જયારે આજે ફરીથી ભારતના આન્ત્રપ્રિન્યોરનો યુગ આવ્યો છે. ભારતની ખેતી, હીરા અને કાપડ ક્ષેત્રે વિશ્વ વિખ્યાત છે.

જીટીયુના કુલપતિ ડૉ. રાજુલ ગજ્જરે વિશ્વ વિદ્યાલયની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, ૧૭ હજારથી વધુ ફેકલ્ટી, ૪૩૦થી વધુ કોલેજો અને ૨,૨૫,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ સાથે આ યુનિવર્સિટીએ રાષ્ટ્રીયસ્તરે નામના મેળવી છે. તેમણે કહ્યું કે, અટલ રેન્કિંગ ઓફ ઈન્સ્ટિટયૂટ એચિવમેન્ટ ૨૦૨૧માં રાજયમાં પ્રથમ રેન્ક અને દેશની સરકારી યુનિવર્સિટીઓમાં સાતમો રેન્ક પ્રાપ્ત કર્યો છે. ઈન્ડસ્ટ્રીઝ, ઈનોવેશન અને ઈન્ફ્રાસ્ટકચરના ત્રિવેણી સંગમ થકી આ યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓના વિકાસ સાથે રોજગારીનું સર્જન કર્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ડિજિટલ ઈન્ડિયાના ભાગરૂપે એક નવતર પહેલ તરીકે આજે પદવી મેળવનારા તમામ વિદ્યાર્થીઓ તેમનાં પ્રમાણપત્રો સીધા જ ડિજિલૉકર એકાઉન્ટમાં જોઈ શકશે.

જી.ટી.યુના રજિસ્ટ્રાર શ્રી ડૉ. કે.એન.ખેરે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના જીવનમાં નવા અધ્યાયનો આરંભ થયો છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOGSSNO: 352**

વિષય :- પ્રયાગરાજ( કુંભમેળો)
શીર્ષક:- કુંભમેળો
શબ્દ સંખ્યા:- ૨૯૬
પ્રકાર:- ગદ્ય લેખ

કુંભ સ્નાન પ્રયાગરાજમાં એક મહત્વપૂર્ણ અને પવિત્ર પ્રસંગ છે જે દર ૧૨ વર્ષે આવે છે. આ પ્રસંગ હિન્દુ ધર્મ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે અને લાખો શ્રદ્ધાળુઓ અને સંતો તેમાં ભાગ લે છે.

કુંભ સ્નાનનો અર્થ "કળશમાં સ્નાન કરવું" થાય છે અને તેનો ઉલ્લેખ હિન્દુ શાસ્ત્રોમાં જોવા મળે છે.

પ્રયાગરાજમાં, કુંભ સ્નાન ખૂબ જ ભવ્ય અને વ્યવસ્થિત રીતે યોજવામાં આવે છે. આ પ્રસંગે, સરકાર અને સંસ્થાઓ મળીને ભકતો માટે મકાન, ભોજન અને તબીબી સુવિધાઓ જેવી સુવિધાઓ પૂરી પાડે છે.

કુંભ સ્નાનનું મહત્વ ફક્ત ધાર્મિક જ નથી, પરંતુ તે એક સામાજિક અને સાંસ્કૃતિક પ્રસંગ પણ છે. આ પ્રસંગે, વિવિધ સમુદાયોના લોકો ભેગા થાય છે અને પોતાના મતભેદો ભૂલીને એકબીજા સાથે જોડાય છે.

૨૦૧૯ માં પ્રયાગરાજમાં કુંભ સ્નાનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આશરે ૨૪ કરોડ ભક્તોએ ભાગ લીધો હતો.

૨૦૨૫માં પ્રયાગરાજમાં કુંભ સ્નાનનું આયોજન થયું છે, જે ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલશે. આ એક મહત્વપૂર્ણ હિન્દુ તહેવાર છે, જે દર ૧૨ વર્ષે આવે છે

કુંભ સ્નાનનું ધાર્મિક મહત્વ સમુદ્ર મંથન સાથે જોડાયેલું છે, જેમાં દેવતાઓ અને દાનવો અમૃત માટે લડ્યા હતા, ત્યારે મોહિની રૂપ લઈને વિષ્ણુ ભગવાને અમૃતકુંભ લઈને દેવોને પીવડાવ્યું એ જાણ દાનવોને થઈ, એ કુંભ લેવા દોડ્યા .આ સમય દરમિયાન, પ્રયાગરાજ, હરિદ્વાર, નાસિક અને ઉજ્જૈનમાં અમૃત કળશના કેટલાક ટીપાં પડ્યાં હતા, જ્યાં હવે કુંભ સ્નાનનું આયોજન કરવામાં આવે છે.

કુંભ સ્નાન દરમિયાન, ભક્તો અને સંતો સંગમમાં સ્નાન કરે છે, જે ગંગા, યમુના અને સરસ્વતી નદીઓનો સંગમ છે, અને પોતાનાં આત્મકલ્યાણ માટે સ્નાન,પૂજા કરે છે.

નીચે મુજબ સ્નાન થાય છે.

- ★પોષ પૂર્ણિમા★: ૧૩ જાન્યુઆરી ૨૦૨૫
- ★મકરસંક્રાંતિ (પ્રથમ શાહી સ્નાન)★: ૧૪ જાન્યુઆરી ૨૦૨૫
- ★મૌની અમાવસ્યા (બીજું શાહી સ્નાન)★: ૨૯ જાન્યુઆરી ૨૦૨૫
- ★બસંત પંચમી (તીસરા શાહી સ્નાન)★: ૩ ફેબ્રુઆરી ૨૦૨૫
- ★માઘી પૂર્ણિમા★: ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૫
- ★મહા શિવરાત્રી (અંતિમ સ્નાન)★: ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫

કુંભ સ્નાન એક મહત્વપૂર્ણ પ્રસંગ છે, જે હિન્દુ ધર્મ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

શોભના ભટ્ટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS No. 181**

વિષય " શ્રધ્ધાળુઓ ની શ્રધ્ધાનો ધોધ (પ્રયાગરાજ) કુંભમેળો"

શીર્ષક: "સનાતન સંસ્કૃતિ અને આધ્યાત્મિક આસ્થા"

પ્રકાર: ગદ્ય શબ્દો: ૩૪૧

શ્રદ્ધા આ એક શબ્દ નથી, એક અનુભૂતિ છે..
કોઈ વ્યક્તિ કે શક્તિ પરના અખૂટ , અખંડ વિશ્વાસની...
આ પરંપરાગત રીતે જન્મે અથવા તો જીવનની ઘટનાઓ કે બનાવો પરથી એની ઉત્પત્તિ થાય..
એવું પણ બને કે તમને વિપરીત પરિસ્થિતિમાંથી બહાર નીકળવા પ્રેરણા અને ફળરૂપે આ શ્રદ્ધા,આ આસ્થા નિમિત્ત બને..
સનાતન સંસ્કૃતિ સાથે આપણે જયારે શ્રદ્ધાને જોડીએ ત્યારે
એ જોગ/નસીબમાં, સંજોગ/ આકસ્મિકરૂપે,
સહયોગ/ સમન્વયના ત્રણ કારણ મળે તો આ ત્રિવેણીના સંગમમાં શ્રદ્ધાની ડુબકી અવશ્ય તમને આધ્યાત્મિક દ્રષ્ટિ આપે....
માત્ર શ્રદ્ધાને મૂળભૂત સ્તંભ રાખીએ તો સનાતન ધર્મ ને સમજવો અઘરો છે.
પુરાણોની કથા મુજબ સમુદ્ર મંથન માંથી નિકળેલી દરેક વસ્તુ સુર અને અસુર માં વહેંચી લેવાઈ જયારે અમૃત કળશ ને પામવા બંને પક્ષે ખૂબ રસાકસી થઈ અને આ કળશને ચાર વાર નીચે મુકાયો જે પ્રયાગરાજ, નાસિક , ઉજ્જૈન, તથા કાશી એ જ આ ચાર સ્થાન છે. બાર વર્ષે એકવાર આ ભવ્ય આયોજન થાય એટલે દરેક જગ્યાએ બાર વર્ષ પછી કુંભ મેળો થાય આ બારમો કુંભ મેળો છે આ જગ્યા એટલે પણ આધ્યાત્મિક રીતે બહુ ઉચ્ચ સ્થાન પર છે.
અહીં ગંગા, યમુના અને સરસ્વતી નદીના ત્રિવેણીનો અલૌકિક સંગમ થાય છે.
" ગંગા મનને પાવન કરે , યમુના કરે મુક્ત રોગ મનના ,
સરસ્વતી કરે શુદ્ધ વિચાર ,મોક્ષ મળે એને જે કરે ત્રિવેણીમાં સ્નાન"
માન્યતા અને શ્રદ્ધા બંને ભિન્ન પ્રકારે લોકો દ્વારા કરવામાં આવી આવતી ભક્તિના જ સ્વરૂપ છે
કુંભ મેળોમાં સૌથી મહત્વ છે સ્નાન કરવું.
એમાં શાહી સ્નાન એ મુખ્યત્વે સાધુઓ ના અખાડા પરંપરાગત રીતે પાલખી અને જુલૂસ કાઢે પોતપોતાની સાધના , તપસ્યાના પરચાઓની ઝાંકી કરાવે વિવિધ પ્રકારના લોકો ધર્મ ગુરૂઓ પોતાના અનુષ્ઠાન, પ્રતિષ્ઠાન થકી માનવ કલ્યાણ માટે આયોજન કરે છે.
એના પ્રદર્શનો, આધ્યાત્મિક જ્ઞાનનું સંમેલન,
નાગા સાધુ, અઘોરી સાધુ સંતો વગેરે સામાન્ય જનતાના સંગતમાં આવે ઉચિત નિયમન, માર્ગદર્શન આપવામાં આવે છે.
આપણી સંસ્કૃતિ ,શિક્ષણ અને સામાજિક તત્વ એક બીજાને સમજે આ પણ એક પ્રકારે "ત્રિવેણી સંગમ" જ કહેવાય

યોગ, સંયોગ, સુયોગનો સંગમ
ભોગ, જોગ, સહયોગનો સંગમ ..

ભક્તિ, શક્તિ, આધ્યાત્મનો સંગમ
સંસ્કૃતિ, શિક્ષણ સાશ્વતનો સંગમ..

વૈરાગ, વિતરાગ, ત્યાગનો સંગમ
સનાતન, સમાજ, સરકારનો સંગમ..

સુરમી બધેકા , કૌસુમી??- મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 334**

વિષય:- " શ્રધ્ધાળુઓની શ્રધ્ધાના ધોધ (પ્રયાગરાજ) કુંભમેળો"
શિર્ષક :- કુંભમેળો
પ્રકાર :- પદ્ય. શબ્દો:- ૮૬

આવ્યો કુંભમેળો આવ્યો રે,હાલો જોવાને જઈએ,
સાધુ સંતોના દર્શન કરીએ રે,હાલો જોવાને જઈએ.

ગંગા,જમુના,સરસ્વતીનો જ્યાં ત્રિવેણી સંગમ છે,
સ્નાન કરી પાવન થઈએ રે,હાલો જોવાને જઈએ.

ઠેર ઠેર તંબુ ને સંતોની ધર્મસભાઓ ભરાય છે,
સત્સંગનો લાભ લઈએ રે,હાલો જોવાને જઈએ.

ધર્મ,જ્ઞાન,ભક્તિની પતાકાઓ લહેરાય છે નિરંતર,
ગતગંગામાં ડૂબી જઈએ રે,હાલો જોવાને જઈએ.

વરસે છે સરસ્વતી જયાં મહામંડલેશ્વર મુખેથી,
ભવસાગર તરી જઈએ રે, હાલો જોવાને જઈએ.

પ્રયાગરાજમાં આવ્યો છે અતિ દુર્લભ કુંભમેળો,
અમોલખ ઘડી નવ ચૂકીએ રે, હાલો જોવાને જઈએ.

મહેશભાઈ રાઠોડ" સ્નેહદીપ" હિંમતનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No :226**

વિષય:- શ્રધ્ધાળુઓની શ્રદ્ધાનો ધોધ
શિર્ષક: મહાકુંભ પર્વ
રચના:- પદ્ય શબ્દો:-૬૯

?દર એકસો ચુંવાલિસ વર્ષે આવે મહાકુંભ પર્વ
ભારતમાં બાર વર્ષો વિતે ત્યારે કુંભમેળો પર્વ

ભારતમાં ઉજજૈને હરિદ્વાર,પ્રયાગરાજ, એ પર્વ
ભારતમાં તો મનાવવામાં આવતો પ્રયાગે પર્વ

સમુદ્ર મંથન સાથે જોડાયેલી કથા તણો પર્વ
જયંતના હસ્તે જ્યાં છલકાયું, ત્યાં ઉજવે પર્વ

સાધુ, સંતોને દેવે છે દીધો પ્રથમ સ્નાન હક્ક
અસંખ્ય લોકો સ્નાન કરતા, પાવનકારી પર્વ

મહાકુંભનો લાભ કોઈ નસીબદારને મળે પર્વ
શ્રધાળુઓની શ્રદ્ધાનો મહાકુંળ મનાય જે પર્વ

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'(અમેરિકા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 195**

વિષય:- શ્રદ્ધાળુઓ ની શ્રદ્ધા નો ધોધ (પ્રયાગરાજ) કુંભમેળો
શીર્ષક:- "શ્રદ્ધાનો ધોધ"
પ્રકાર:- પદ્ય ગઝલ શબ્દ:- ૬૮

શ્રદ્ધા ના ધોધ ને તુ શોધ અમૃત,
કુંભમાં શુભ છે એ શોધ અમૃત.

પ્રયાગતો છે યાગ અમૃત વહેતો,
ધર્મ તણા ધોધને તુ શોધ અમૃત.

જ્ઞાન છે એજ સંસ્કૃતિની શાન છે,
સંતો તણા બોધને તુ શોધ અમૃત.

કાઢીદે ને ક્રોધ અવગણ અવરોધ,
પ્રેમના પ્રબોધ ને તુ શોધ અમૃત.

વિકૃતિ વખોળ સંસ્કૃતિ વાગોળ,
નિર્ગુણ નિર્બોધને તુ શોધ અમૃત.

સંસ્કૃતિનુ કામ એજ ઘનશ્યામ,
સત્કર્મ સંબોધને તુ શોધ અમૃત.

અમૃત શ્રીમાળી - મહેસાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOS SS NO:-383**

વિષય:-શ્રધ્ધાળુઓ ની શ્રધ્ધાનો ધોધ (પ્રયાગરાજ) કુંભમેળો"
શીર્ષક:- ત્રિવેણી તટે
પ્રકાર:- ભક્તિ કાવ્ય અછાંદસ
શબ્દો:-૭૯

શ્રદ્ધા ધોધ વહે માનવ મહેરામણ જ્યાં ઉમટે,
પાવન જળ વહે તીર્થ વિશેષ એ ત્રિવેણી તટે...

સનાતન ધર્મ શાશ્વત પૌરાણિક કથા સંબોધે
મંથન મહિમા અપરંપાર, દેવદાનવ અમૃત પામે..

દાનવ સ્વરભાનુ અમૃત કળશ લઈ ભાગે,
ચાર બુંદ અમૃતની ધરતી પર મર્મરે..

હરિદ્વાર જેવું પ્રકાશે શાશ્વત પરમ જ્યોતિ શોભે,
આસ્થાનો ઊંડો સાગર ભક્તિ હદયે સ્ફુરે...

અઘોરી તપસ્વી સંગે નાગા સાધુઓ વિરાજે,
ગંગા યમુના જળમાં સરસ્વતી અદ્રશ્ય ભળે...

આસ્થામાં અલૌકિક ભક્તિનાદ ગુંજે પ્રયાગરાજે,
ત્રિવેણી સંગમે શિવત્વ શક્તિ સહિત ઝળહળે...

દર્શના "મીતિ"રાધે રાધે

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO -353**

વિષય -શ્રધ્ધાળુઓની શ્રદ્ધાનો ધોધ (પ્રયાગરાજ) મહાકુંભ મેળો
શીર્ષક - દિવ્ય અદભુત
પ્રકાર - ગદ્ય શબ્દો -૩૫૦

પ્રયાગરાજ મહાકુંભ વિશે ઘણા શાસ્ત્રોમાં મહત્વ છે.કહેવાય કે સમુદ્રમંથન વખતે ચાર જગ્યાએ અમૃતના બુંદ પડ્યા ત્યાં અર્ધકુંભ, કુંભ ને મહાકુંભ થાય છે.ત્યાં સ્નાન કરવાની શાંતિને દિવ્યતાની અનુભૂતિ થાય છે.

હાલમાં પ્રયાગરાજમાં મહાકુંભનું આયોજન થયું છે.ગ્રહોનો વિશિષ્ટ સંયોગ,યોગ થકી બ્રહ્માંડમાં દિવ્ય શક્તિની ઉત્પત્તિ થાય.ચેતનધારાની અનુભૂતિ માટે સૌ કોઈ પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમ ગંગા, યમુના ને સરસ્વતીના પાવન જળમાં સ્નાન કરી સૌ ધન્યતા દિવ્યતાની અનુભૂતિ કરે છે.ચારેકોર અનોખો આનંદ ને દિવ્ય અનુભૂતિ હોય આધ્યાત્મિક વાતાવરણમાં તન મનને શાંતિ મળે.ઘણા દિવ્ય મહાન સંતો,સાધુ ના દર્શન થાય.

પ્રયાગરાજના કુંભમાં આધ્યત્મિક શાંતિ સાથે સૌને ભોજન,પ્રસાદ ને ભજનનો પણ લાભ મળે.સાધુ સંતોના સાથે સ્નાન તથા જે અલૌકિક દિવ્ય ચેતન શકિતની અનુભૂતિ થાય. સ્વર્ગ હોય એમ મહાકુંભમાં અનુભૂતિ થાય.કોઈ એવા પુણ્યના કારણે આપણને કુંભના દિવ્ય દર્શન થાય સંગમમાં સ્નાન કરવા મળે. દિવ્ય સંતો, ભક્તો ના દર્શન થાય.

જ્ઞાન, આધ્યાત્મિક અનુભૂતિ સાથે ધરતી પર જાણે આખું સ્વર્ગ આવ્યું હોય એમ લાગે.સૌ કોઈ પોતપોતાની રીતે મહાકુંભમાંથી કંઈક ને કંઈક સાથે લઈને આવે છે.જીવનમાં જેનું વર્ણન કરી ના શકાય એવી અનુભૂતિ થાય છે.

દિવ્યતા, સભ્યતા ને સંસ્કૃતિ મહાન દર્શન થાય છે.મહાકુંભ મેળો નથી પણ એ દિવ્ય અનુભૂતિ આધ્યત્મિક અંતરમાં આનંદ આપતી દિવ્ય શક્તિ છે.તપ, સાધના પરમ તત્વ સાથેની એકતા ત્રિવેણી સંગમમાં સ્નાન થકી પુણ્યનું ભાથું ભરી માનવદેહ પાવન કરવાની ચેતનધારા ની અનુભૂતિ છે.

શબ્દો થકી વર્ણન થઈ શકતું નથી.એની અનુભૂતિ કરવા આપણે પ્રયાગરાજ સ્થળ પર જઈએ એટલે જ એની ભવ્યતા, દિવ્યતા એની આધ્યત્મિક શકિતની અનુભૂતિ થાય.તપસ્વીની સાધના સંતોની ઉપાસના ને ભક્તોની ભકિત જ્ઞાનીનું જ્ઞાન એ બધાનો સંગમ થાય. એના થકી આપણામાં પણ ધર્મ પ્રત્યે શ્રદ્ધા જાગે આધ્યત્મિક શકિત નો આપણામાં સંચાર થાય.અંતરમા એ જાણવા મળે કે જીવનમાં બધું જ હોવા છતાં પણ મનને શાંત નથી. સૌ કોઈને કોઈને કોઈ અંતરમાં ઈચ્છા હોય.કે આપણી પાસે બધું હોય છતાં પણ મનને શાંતિ નથી.

એ માટે આવા દિવ્ય વાતાવરણમાં આપણને તન મનને શીતળતા મળે જે આનંદ થાય એનું વર્ણન કરી શકાય એમ નથી.

કહેવાય છે કે દેવો પણ એ વખતે સ્નાન કરવા ત્યાં આવે એટલે જ મહાકુંભ વિશે પ્રત્યક્ષ અનુભૂતિ કરીએ તો જેની જાણ થાય. પરોક્ષ રીતે એ જાણવા મળે કે જ્યાં બધા સાધુ સંતો ને સંન્યાસી આવે એને મહાકુંભ કહેવા.પણ એમ નથી જ્યાં આધ્યત્મિક ચેતના હોય એ દિવ્ય મહાકુંભ કહેવાય.

લિ- સોલંકી પ્રકાશકુમાર.એમ."એકાંત"વૈરાગી "

# હસ્તિ મિટાને સે મીટતી નહીં ,તુમ્હારી હસ્તિ મીટ જાયેંગી !!

ગાંધીજી ચુંબક સમાન છે. ગાંધીજીની ચુંબકીય બળથી પ્રસંશકો, વિરોધીઓ, તટસ્થ વગેરે અદમ્ય આકર્ષણથી તેમના તરફ ખેંચાઇ આવે છે. જેમ ખીલી, બ્લેડ લોહચુંબકને ચોંટી જાય છે. તમને તમારા પરદાદા કે પરદાદાના દાદાનું નામ યાદ નહી હોય! આ વાત હું દાવા( લેખકના દાવા ફાઉન્ટેન પેનથી લખાયેલ શબ્દો જેવા સાશ્વત હોય છે. જેના પર પાણીનું ટપકું પડે અને શબ્દો અસ્તિત્વ લોપ કરીને કાગળ પર ફેલાઇ જાય છે!!) સાથે કહેવા તૈયાર છું અલબત, ચુંબક પિતળ કે પ્લાસ્ટિકને આકર્ષી શકતું નથી એ વાત અલગ છે.

કેટલાક સ્વઘોષિત મહાત્માઓને ગાંધીજી આંખમાં પડેલા કણાની જેમ ખુંચે છે. ખુદ શેકેલો કે શેક્યા વગરનો પાપડ ભાંગવા માટે સમર્થ નથી અને ગાંધીજીએ શસ્ત્રો વિના કેવળ સત્ય અને અહિંસાના અમોઘ શસ્ત્રોથી અંગ્રેજો પાસેથી આઝાદી કેવી રીતે મેળવી એ હજુ પણ શીરાના કોળિયાની જેમ ગળે ઊતરતું નથી. બલ્કે,માછલીના કાંટાની જેમ ગળામાં ફસાયું છે. સાપે છછૂંદર ગળ્યા જેવું સેમ ટુ સેમ છે. છછૂંદર ગળે ઉતારે તો સાપ મરી જાય અને છછૂંદર બહાર કાઢે તો સાપ આંધળો થઇ જાય. ગાંધીજી જેવો ચમત્કાર હજારો વરસો પછી પણ કોઇ કરી શકે તેવી ક્ષિતિજે સંભાવના દ્રષ્ટિગોચર થતી નથી.ગાંધીજીની ઈર્ષા કરનાર પાસે પ્રજાને સંમોહિત કરી શકે તેવું કરિશ્મેટિક નામ નથી. જે નામને સહારે તરવા માંગે છે એ બેશક બુલબુલની પાંખ પર સવાર થઇ વિશ્વ ભ્રમણ કરી શકે છે.એનાથી સવિશેષ કોઇ ઉપલબ્ધિ કે સિધ્ધિ નથી!! ઓમ ધબાય નમઃ!!

ગાંધીજી ખેલદિલીથી ભરપૂર હતા. જે અંગ્રેજ સામ્રાજ્ય સામે લડતા હતા તે અંગ્રેજોની ક્રિકેટ ટીમના સતરમા ખેલાડી તરીકે ખુદનું નામ લખી સહી કરી હતી. નાનપણમાં બીડી પીવા, માંસ ખાવા, ચોરી જેવા સ્ખલનો એક પણ શબ્દની બાદબાકી કર્યા સિવાય લખ્યા હતા. જ્યારે આપણે ??? વાત કરવા જેવી નથી!

મહાત્માએ પણ અંગ્રેજી રીતરસમો અપનાવી હતી. કસ્તૂરબા અને સંતાનો પર ઈંગ્લિશ એટીકેટ થોપી હતી.એટિકેટનું રિહર્સલ કરાવેલ હતું. દક્ષિણ આફ્રિકાથી સ્વદેશાગમન કરી એક વરસ ભારતનું પરિભ્રમણ કરતા હતા તે દરમિયાન તેમને મળવા ઈચ્છુક સ્ત્રી પાસે એક જ સાડી હતી. એ સાડી ધોઇ હોવાથી તે કમભાગી સ્ત્રી ઓરડો પહેરીને બેઠેલી હોઇ બાપુને મળી શકી નહીં. તે સ્ત્રીની કારમી ગરીબી બાપુના અંતરમનને ભેદી ગઇ. એ ઘડીએ બાપુએ પોતડીને વસ્ત્ર તરીકે અખત્યાર કરેલી. બાપુ ચૂંટણી માટેના રોડ શોમાં ભભકા અને વિલાસિતા વચ્ચે નીકળેલા નહીં . ગરીબ રાષ્ટ્રના પર્તિનિધિને વરણાગી વસ્ત્રોનો વિલાસ પોષાય નહીં એ સત્ય મહાત્માને સમજાયેલું . જે સત્ય કેટલાક ગીધ અને ઘુવડને આજે પણ સમજાતું નથી કે ડાયજેસ્ટ થતું ન હોય તેમ એક નૂર ટાપટીપ લાખ નૂર કપડાંને આત્મસાત કરી તરેહ તરેહના વસ્ત્રો ધારણ કરી મુઠી વેંત ઉંચા હોવાની વંચનામાં રાચે છે!! એમની મુલાકાત સમયે ગરીબોની વસ્તી પર કપડાંના આવરણો લગાવવામાં આવે છે. ગરીબ કલ્યાણની વાતોના વડા અને ગરીબોનો હાડેહાડ તિરસ્કાર એ આજના રાજકારણની તાસીર અને તસ્વીર છે!!નવા લોકો સવાયા અંગ્રેજો પુરવાર થયા છે!!

ગાંધીજીના નામે રસ્તા, મહોલ્લા,નગર,એરપોર્ટ, સંસ્થાનો સહન થતા નથી. ગાંધીજી હાડમાંસ ચામના માણસ હતા . એમણે ભૂલે કરી હશે. એ ભૂલો બદઈરાદાથી કયાં કરી છે!! વિચારધારાનો વિરોધ વિચાર થકી હોય!!પરંતુ, મુખ મેં રામ ઔર બંગલ મેં છૂરી મુજબ ચરણ સ્પર્શ કરવાનો અભિનય કરી ગાંધીજીની સ્થૂળદેહે હાજરી મિટાવી શકાય પણ સૂક્ષ્મ હાજરી મિટાને સે ભી મિટ શકતી નહીં. ડોન ફિલ્મના અમર ડાયલોગ જેવું મુમકીન નહીં નામુમકીન હૈ. ગાંધીજી અજાતશત્રુ હતા. એમને સતાલાલસા સ્પર્શેલી નહી. ગંગા જેવા પવિત્ર આદમીની હત્યાને ગાધીવધમાં ખપાવવાનું ખેપાનીઓએ બીડું ઝડપ્યું છે અને તેમાં સફળ પણ થયા છે!!

જીવનમાં અકિંચન રહેલા બાપુ આપણી ચલણી નોટો પર કંઇ રીતે ગોઠવાયા હશે? બાપુ જીવતા હોત તો આ બાબત એમણે નકારી હોત. લોકોને ગાંધીવાદને બદલે ગાંધી છાપ પ્રિય છે, એટલે ગાંધીને ગજવે રાખે છે. કેટલાક પરોપકારી ચલણી નોટો પરથી ગાંધીની તસ્વીરને હટાવવા મેદાનેપડયી છે!! ભગવાન એને નિષ્ફળ બનાવે!!

ગાંધી આશ્રમ લાખો નહીં બલ્કે કરોડો લોકોની આસ્થાનું પ્રતિક છે. જયાં બાપુની દિવ્ય હાજરીના સ્પંદનો હવામાં છે. રિનોવેશવના નામે મનઘડંત બગાડા કરવા એ વધુ એક વાર મહાત્માની હત્યા છે. ગાંધીજીની યાદ મિટાવવાના કારસા ચાલું છે જ. ઈન્કમ ટેકસ સર્કલમાં ગાંધીજીની ગાંધીનગરને પીઠ દેખાડી પોરબંદર જવાનો નિર્ધાર કરતી પ્રતિમા અમદાવાદની આન બાન અને શાન હતી. ફલાયઓવર બનાવવા દરમિયાન બાપુની પ્રતિમા ગાયબ રહી. પછી ઓવર બ્રિજની નીચે મુકાઇ. પણ પહેલાંની જહોજલાલી કયાં છે??માન્યું કે ભાંગ્યું ભાંગ્યું તો ભરૂચ!!

હમણા ઈન્કમટેકસ બ્રિજની નીચે ગાંધીજીના કોતરેલા ચિત્રો પર સિમેન્ટ લગાવી નવો ચિત્રો દોરી ગાંધીજીની હસ્તિ મિટાવવા પ્રયાસ તરીને નવો ઈતિહાસ રચવાની વ્યર્થ કોશિશ કરી.ગાંધીવાદીઓ નારાજ થયા.ભાઇ આ તો નવું ભારત છે!!

આવા તત્વો પાણીના પરપોટા જેવા છે. પણ ગાંધીજી સૂર્ય ચંદ્ર જેવી હસ્તિ છે. જે લોકો ગાંધીજીની હસ્તિ મટાડવાનો પ્રયાસ કરે તેમને હસ્તિ મટી જાય છે!!

ભરત વૈષ્ણવ

# ડાંગ જિલ્લામાં વર્ષ ૨૦૨૪-૨૫ ના ખેલ મહાકુંભમાં ૮૩,૭૪૮ ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કર્યું



**જિલ્લાની કુલ ૭,૪૬૮ ટીમોનું રજીસ્ટ્રેશન, સૌથી વધુ ઓપન એજ ગૃપમાં ૪૫,૯૪૯ ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કર્યું :**

-

**૩૧ જાન્યુઆરી સુધી ખેલ મહાકુંભ ૩.૦ જિલ્લા કક્ષાની વિવિધ રમતોનું આયોજન :**

-

**ડાંગ જિલ્લામાં અનેક રમતવીરોએ ખેલ મહાકુંભ થકી ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી જિલ્લાનું ગૌરવ વધાર્યુ :**

-

**ઓપીના ભિલાર, સરિતા ગાયકવાડ, મુરલી ગાવિત સહિત અનેક ખેલાડીઓ ખેલ મહાકુંભ થકી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે :**

યુવાઓમાં રમત ગમત પ્રત્યે જાગૃતિ આવે અને યુવાઓમાં રહેલું રમતગમતનું કૌશલ્ય બહાર લાવવાના આશયથી તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૦ માં ખેલ મહાકુંભની શરૂઆત કરાવી હતી. આ ખેલ મહાકુંભમાં અનેક રમતવીરોએ ભાગ લઈ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ રમતોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રાજયનું નામ રોશન કર્યું છે.

રાજયમાં હાલમાં ચાલી રહેલ ખેલ મહાકુંભ ૩.૦ માં આ વર્ષે રેકર્ડ બ્રેક ૭૧ લાખથી વધુ રજીસ્ટ્રેશન થયા છે. જેમાં ડાંગ જિલ્લામાં પણ કુલ ૮૩,૭૪૮ ખેલાડીઓએ વિવિધ રમતોમાં રજીસ્ટ્રેશન કરાવ્યું છે. ડાંગમાં કુલ ૭,૪૬૮ જેટલી ટીમોનું ગૃપ રજીસ્ટ્રેશન થયું છે. જેમાં વય જુથ પ્રમાણે અંડર ૯ એજ ગૃપમાં ૩૦૦૫, અંડર ૧૧ એજ ગૃપમાં ૪૧૭૨, અંડર ૧૫,૨૯૪, અંડર ૧૭ એજ ગૃપમાં ૧૪,૩૯૩, ૪૦ વયથી વધુ વય જુથમાં ૫૭૮ તેમજ ઓપન એજ ગૃપમાં કુલ ૪૫,૯૪૯ ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કર્યું છે. ડાંગ જિલ્લામાં ખેલ મહાકુંભ ૩.૦ ની રમતોમાં ગ્રામ્ય, તાલુકા કક્ષાની રમતો પુર્ણ થઈ છે. જ્યારે હાલમાં જિલ્લા કક્ષાની વિવિધ રમોતનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વિવિધ વયજુથોની આ રમતો ૩૧ જાન્યુઆરી સુધી જિલ્લામાં યોજાનાર છે.

રાજ્ય સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આયોજીત ખેલ મહાકુંભ ૩.૦માં આ વર્ષે વિવિધ રમતોના વિજેતા ખેલાડીઓને કુલ ૪૫ કરોડ રૂપિયાના ઈનામોથી રાજય સરકાર પ્રોત્સાહિત કરવામાં આવનાર છે.

વર્ષ ૨૦૧૦માં તત્કાલીન મુખ્યમંત્રી તથા વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજયમાં ખેલ મહાકુંભની શરૂઆત કરાવી હતી. ત્યારથી રાજયમાં ખૂણે ખૂણે રમત ગમત ક્ષેત્રે નવી ક્રાંતિ આવી છે. ખેલ મહાકુંભે રાજ્યના ખૂણે ખુણાના બાળકો-યુવાનોને રમત સાથે જોડવાનું કામ કર્યું છે. ડાંગના આદિવાસી વિસ્તારોથી લઈને કચ્છના સરહદી ગામડામાં વસતા બાળકો-યુવાનોને ખેલ મહાકુંભ થકી મોટો મંચ મળ્યો છે. ખેલ મહાકુંભ થકી ગુજરાતને અનેક નેશનલ–ઈન્ટરનેશનલ ખેલાડીઓ મળ્યા છે.

ડાંગ જિલ્લાની વાત કરીએ તો, તાજેતરમાં દિલ્હીના ઈન્દિરા ગાંધી સ્ટેડીયમ ખાતે યોજાયેલ ખો-ખો વર્લ્ડ કપ - ૨૦૨૫ ભારતીય (વુમન્સ) ખો-ખો ટીમે ગોલ્ડ મેડલ મેળવ્યો છે. જેમાં ડાંગની દીકરી ઓપીના ભિલારે પણ ભાગ લીધો હતો. ઓપીના ભીલાર ખો-ખો રમતમાં શરૂઆત થી જ રસ ધરાવતી હતી. વર્ષ ૨૦૧૦ માં ખેલ મહાકુંભ શરૂ થયો અને જે બાદ તેણી આ રમતમાં ભાગ લઇ રમતમાં પોતાનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરવા લાગી હતી. ખેલ મહાકુંભ થકી તેણીને આગળ જવામાં ઘણી જ મદદમળી છે. આ ઉપરાંત ×ગોલ્ડન ગર્લ× તરીકે ઓળખાયેલી ડાંગની આંતરરાષ્ટ્રીય દોડવીર કુ. સરિતા ગાયકવાડે પણ તેના અથાગ પરિશ્રમથી જે મંઝિલ હાંસલ કરી છે તે જગજાહેર છે. સરીતા ગાયકવાડે એશિયન ગેમ્સની રીલે દોડમાં ભાગ લઇ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. સરિતા ઉપરાંત ઓલમ્પિક રમતની તૈયારી કરી રહેલા અને ''ડાંગ એક્સપ્રેસ'' ના નામે જાણીતા યુવક મુરલી ગાવિતે સને ૨૦૨૨મા કર્ણાટક ખાતે યોજાયેલી 'નેશનલ ઓપન એથ્લેટીક્સ ગેમ'મા ભાગ લઈ દસ હજાર મીટર દોડની સ્પર્ધામા ગોલ્ડ મેડલ મેળવી, સમગ્ર ડાંગ જિલ્લા અને ગુજરાત રાજયને ગૌરવ આપાવ્યુ છે. આમ, આ તમામ ખેલાડીઓને આગળ વધવા સાથે રમતમાં આગવું સ્થાન અપાવવા માટે ખેલમહાકુંભની રમતોનો સિંહ ફાળો રહ્યો છે.

આ ઉપરાંત ડાંગ જિલ્લાની તમામ સરકારી અને ખાનગી પ્રાથમિક અને માધ્યિક શાળાઓ અને તમામ એકલવ્ય શાળાઓના નામી અનામી બાળકોએ ખેલમહાકુંભમાં આગવુ પ્રદર્શન કરી જિલ્લા અને રાજ્યને ગૌરવ અપાવ્યું છે.

ડાંગ જિલ્લામાં હાલ જિલ્લા કક્ષાની હોકી, યોગાસન, ચેસ, કબડ્ડી, બેટમીન્ટન, ખો-ખો, બાસ્કેટબોલ, લોનટેનીસ, શુંટિગબોલ, રગ્બી, રસ્સાખેંચ, સ્કેટીંગ, આટીસ્ટીક સ્કેટીંગ, ફૂટબોલ, આર્ચરી, વોલીબોલ, જુડો, ટેબલ ટેનીસ, કુસ્તી જેવી વિવિધ રમતો પુર્ણ થઇ છે. જ્યારે તારીખ ૩૧ જાન્યુઆરી સુધી કરાટે, હેન્ડબોલ, ટેકવેન્ડો, એસ્થેલેટીક્સ જેવી રમતો યોજાનાર છે. ખેલ મહાકુંભ રમતોમાં આ તમામ રમતો આવરી લેવામાં આવતી હોય ડાંગ જિલ્લાના ખેલાડીઓ મોટી સંખ્યામાં ભાગ લઇ પોતાના કરતબો દેખાડી રહ્યાં છે.

ડાંગ જિલ્લામાં ખેલ મહાકુંભ ૩.૦ ના અધ્યક્ષશ્રી, જિલ્લા ખેલકુદ પરિષદ, જિલ્લા કલેક્ટરશ્રી અને જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી મહેશ પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા આ રમતોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.

## રાજ્ય પરિવહન નિગમ વલસાડ વિભાગ દ્વારા અકસ્માત નિવારવા અંગે ગુગલ મીટથી વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવી




માર્ગો ઉપર થતાં અકસ્માતોને ગંભીરતાથી લઈ અકસ્માત નિવારવા અંગે રાજ્ય સરકાર કટિબધ્ધતા સાથે સુરક્ષા અને સલામતી સુનિશ્ચિત કરવા પ્રયત્નશીલ છે.

જેના ભાગરૂપે ગુજરાત રાજ્ય પરિવહન નિગમ વલસાડ વિભાગના નિયામક શ્રી એન.એસ.પટેલના માર્ગદર્શન હેઠળ ૧૦૮ ગુજરાતનાં ઝ.ઈ. શ્રી જસવંતભાઈ પ્રજાપતિ અધ્યક્ષતામાં ડાંગ-વલસાડ-નવસારી જિલ્લામાં સમાવિષ્ટ વલસાડ વિભાગના આહવા, ધરમપુર, વાપી, વલસાડ, બીલીમોરા, અને નવસારી ડેપોને વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડી નેશનલ રોડ સેફટી માસ ૨૦૨૫ અંતર્ગત અકસ્માત નિવારણ અને અકસ્માતમા પ્રાથમિક સારવાર અંગેની સમજ પૂરી પાડવામાં આવી હતી.

રાજયભરમાં નિગમની પરિવહન સેવાઓની ઉપલબ્ધિનું વર્તમાન કરતાં તેમજ રાજયમાં અકસ્માતીની પરિસ્થિતીને પહોંચી વળવા ૧૦૮ ની સેવા અને તેની ઉપયોગિતા વિશે માહિતીઓ પૂરી પાડવામાં આવી હતી. સામાન્ય નગરિકનું માર્ગ અકસ્માતમાં માનવી દ્વારા પ્રાથમિક ધોરણેની સારવાર કઈ રીતે પૂરી પાડી શકાય તે અંગે વિગતે સમજ આપવામાં આવી હતી. નિગમ દ્વારા છેવાડાના માનવી સુધી સુરક્ષિત અને સલામતિ સાથે પરિવહન સેવાઓ પૂરી પડી શકાય તે હેતુને કેન્દ્રમાં રાખી વિભાગીય નિયામક શ્રી એન.એસ.પટેલ દ્વારા વિભાગના તમામ એકમોનું સઘન મોનિટરીગ કરવામાં આવે છે.

નેશનલ રોડ સેફ્ટી માસ ૨૦૨૫ અંતર્ગત વિભાગીય કચેરી, વલસાડ ખાતેથી યોજવામાં આવેલ ફ.ઝ.માં ડૉ. મુકેશભાઇ ચાવડા, પ્રોજેક્ટ હેડ-૧૯૬૨, સી.બી.પ્રજાપતિ એડ મિનિસ્ટ્રેટ્ર્સ ન.હ. આર્ટ્સ કોલેજ અમદાવાદ કમલેશભાઈ પઢિયાર-ડાંગ-વલસાડ-નવસારી જિલ્લાના ૧૦૮ પ્રોજેક્ટ મેનેજર તેમજ યાંત્રિક ઈજનેરશ્રી વિભાગીય પરિવહન અધિકારીશ્રી હાજર રહ્યા હતા.

આ વિડીયો કોન્ફરન્સમાં નિગમના આહવા ડેપોના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ સાથે ડેપો ખાતે ઉપસ્થિત જાહેર મુસાફરો પણ બહોળી સંખ્યામાં જોડાયા હતા

## જિલ્લામાં ભૂસ્તરતંત્રની સરાહનીય કામગીરી : ત્રણ દિવસમાં પાંચ વાહનો મળી કુલ ૧.૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો

જિલ્લામાં ચાલી રહેલ વિવિધ વિકાસ કામો પર કલેકટરશ્રી જેટલી જવાબદારી પૂર્વક કાર્ય કરી રહ્યા છે, તેજ જુસ્સા અને જવાબદારીથી જિલ્લામાં થતી ખનીજ ચોરી અટકાવવાના તેમના પ્રયાસો પણ સતત ચાલુ છે. ભુમાફિયાઓને કોઈપણ રીતે છૂટછાટ ન મળે અને તેમના આ બિનઅધિકૃત ખનીજ વહન માટે દંડનીય કામગીરી થાય એ માટે કલેકટરશ્રી પોતે વ્યક્તિગત ધ્યાન રાખતા, ભૂસ્તર તંત્રની કચેરીને યોગ્ય માર્ગદર્શન આપી સરાહનીય કામગીરી કરી રહ્યા છે, જેના પરિણામે પાછલા ત્રણ દિવસમાં પાંચ વાહનો મળી કુલ ૧.૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે




કલેક્ટરશ્રી, ગાંધીનગર મેહુલ દવેના માર્ગદર્શન અને મદદનીશ ભુસ્તરશાસ્ત્રી પ્રણવ સિંહ ની સુચના હેઠળ ગાંધીનગર જીલ્લાના મદદનીશ ભુસ્તરશાસ્ત્રીની કચેરી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતું ની ક્ષેત્રીય ટીમ દ્વારા કરવામાં આવતી સતત બિનઅધિકૃત ખનીજ ખનન, વહન અને સંગ્રહ અન્વયેની કામગીરી દરમ્યાન સાદીરેતી તથા સાદી માટી ખનિજના બિનઅધિકૃત વહન/ખનન સબબ જે.સી.બી. મશીન સહીત કુલ ૦૫ વાહન/મશીન જપ્ત કરવામાં આવેલ છે. જેમાં તા.૨૪/૦૧/૨૦૨૫ ના રોજ કલોલ તાલુકાના છત્રાલ, પાસેથી જે.સીબી નં. ય્ત્ન-૧૮-જીજી-૧૮૫૯ , વાહન નં ય્ત્ન-૧૨-ર્-૨૮૫૮ ,ડમ્પર નં-ય્ત્ન-૦૨-ઉ-૭૨૭૫ દ્વારા સાદીમાટી ખનિજનું બિનઅધિકૃત ખોદકામ કરી વહન કરતા પકડવામાં આવ્યા હતા, તથા તા.૨૫/૦૧/૨૦૨૫ ના રોજ કલોલ તાલુકાના પલીયડ, પાસેથી ડમ્પર નં. ય્ત્ન-૨૯-ઠ-૪૧૨૮ માં સાદીરેતી ખનિજના રોયલ્ટી પાસ કરતા વધુ ઓવરલોડ બિનઅધિકૃત વહન કરતાં પકડાયેલ તથા તા.૨૭/૦૧/૨૦૨૫ ના રોજ ઉવારસદ, ગાંધીનગર પાસેથી ડમ્પર નં- ય્ત્ન-૧૩-છઠ-૫૨૨૨ માં સાદીમાટી ખનીજ રોયલ્ટી પાસ કરતા વધુ ઓવરલોડ બિનઅધિકૃત વહન કરતા પકડવામાં આવેલ છે. આમ કુલ ૦૫ વાહનો/મશીનની મળી કુલ ૧.૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ઉપરોક્ત જપ્ત કરેલ વાહનો/મશીનના વાહનમાલિકો વિરૂધ્ધ ગુજરાત મિનરલ (પ્રિવેન્શન ઓફ ઈલ્લીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન અને સ્ટોરેજ) નિયમો-૨૦૧૭ ના નિયમો હેઠળ દંડકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## નિરમા યુનિવર્સિટીએ જાગૃતિના કાર્યક્રમો અને સ્પર્ધાઓ દ્વારા માર્ગ સલામતીને પ્રોત્સાહન આપ્યું: નિષ્ણાતની વાર્તાલાપ, ક્વિઝ, રેલી અને સ્પર્ધાઓ દ્વારા માર્ગ સલામતીનો પ્રચાર કર્યો




નિરમા યુનિવર્સિટીએ જાગૃતિના કાર્યક્રમો અને સ્પર્ધાઓ દ્વારા માર્ગ સલામતીને પ્રોત્સાહન આપ્યું: નિષ્ણાતની વાર્તાલાપ, ક્વિઝ, રેલી અને સ્પર્ધાઓ દ્વારા માર્ગ સલામતીનો પ્રચાર કર્યો.

સિવિલ એન્જિનિયરિંગના વિદ્યાર્થી સંગઠન અને સ્કૂલ ઑફ એન્જિનિયરિંગ , નિરમા યુનિવર્સિટીના દ્નજીજી યુનિટે રાષ્ટ્રીય માર્ગ સલામતી મહિના (૧લી થી ૩૧મી જાન્યુઆરી ૨૦૨૫) ની ઉજવણીમાં રોડ સેફ્ટી અવેરનેસ પ્રોગ્રામ હાથ ધર્યો હતો.

આ પહેલનો ઉદ્દેશ્ય માર્ગ સલામતી વિશે જાગૃતિ લાવવા અને વિદ્યાર્થીઓ અને સમુદાયમાં સુરક્ષિત પ્રથાઓને પ્રોત્સાહિત કરવાનો છે. ઈંન્નછ કન્સલ્ટન્ટ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર શ્રી વાય પી પાઠક દ્વારા નિષ્ણાત સત્રથી શરૂ કરીને શ્રેણીબદ્ધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમણે માર્ગ સલામતીનાં પગલાં અને વ્યૂહરચનાઓ પર મૂલ્યવાન આંતરદૃષ્ટિ શેર કરી નિરમા યુનિવર્સિટી ખાતે ટ્રાફિક અવેરનેસ ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ટ્રાન્સપોર્ટ એન્જિનિયરિંગમાં વિશેષતા ધરાવતા ૧૨૦ વિદ્યાર્થીઓને આકર્ષ્યા હતા. અન્ય પ્રવૃત્તિઓમાં ટ્રાફિક જાગરૂકતા માટે રેલી, નિયમોનું પાલન કરવાનું શીર્ષક ધરાવતી તકનીકી ઈવેન્ટ અને પોસ્ટર બનાવવાની સ્પર્ધાનો સમાવેશ થાય છે, જે તમામ સમુદાયના જોડાણને પ્રોત્સાહન આપવા અને માર્ગ સલામતીના મહત્વ પર ભાર મૂકે છે.

## ઉવારસદમાં દિવ્યાંગોનો દિવ્ય આનંદ મેળો - "ઉમળકો" યોજાશે"

ગાંધીનગરના ઉવારસદ-શેરથા માર્ગ, ઉવારસદ ખાતે સદવિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર ,દ્વારા તા.૩૦ અને ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ દિવ્યાંગોનો દિવ્ય આનંદ મેળો ×ઉમળકો×નું આયોજન કરવામાં આવ્યું છે.

આ આનંદ મેળામાં વેવિધ્યપૂર્ણ મનોરંજન, મનપસંદ રમતો, હાટ બજાર, ફૂડ સ્ટોલ અને સાંસ્કૃતિક કાર્યક્રમોને આવરી લેવામાં આવ્યા છે. દિવ્ય આનંદ મેળાનું આયોજન દિવ્યાંગ બાળકોના આત્મવિશ્વાસ વધારવા તથા દિવ્યાંગ બાળકો પ્રત્યે સમાજનો પ્રેમ અને પ્રોત્સાહનનો ભાવ જગાડવાના શુભ આશય સાથે આ મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ બે દિવસીય આનંદ મેળામાં તા. ૩૦, જાન્યુઆરીના રોજ પહેલા ચરણમાં સવારના ૧૧:૦૦ કલાકે મંગલધ્વનિ દ્વારા કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવશે. જેમાં અતિથિ વિશેષ તરીકે પ્રવાસન મંત્રીશ્રી મૂળુભાઈ બેરા અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા ઉપસ્થિત રહેશે. જ્યારે મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલ ઉપસ્થિત રહી આ ઔષધી દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહન આપશે.

ત્યારબાદ બીજા ચરણનો પ્રારંભ સાંજે ૪.૩૦ કલાકે થશે. જેમાં શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીડોર તથા રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા ઉપસ્થિત રહેશે .

આ જ રીતે તા.૩૧ જાન્યુઆરીના રોજ પ્રથમ ચરણ નો શુભારંભ સવારે ૧૧:૦૦ કલાકે રમત -ગમત દ્વારા કરવામાં આવશે.આ અવસરે વિવિધ દાતાશ્રીઓનો સન્માન કાર્યક્રમ અને હાસ્ય દરબાર પણ યોજાશે. અંતિમ ચરણમાં પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા શ્રીમતી શિલ્પાબેન પટેલ જિલ્લા પંચાયત ગાંધીનગરના પ્રમુખ ની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યક્રમનું સમાપન કરવામાં આવશે.

સદવિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્રના નિયામકશ્રી કૃષ્ણકાન્ત જહા અને ટ્રસ્ટી મંડળ દ્વારા આ મેળામાં યોગદાન આપવા અને આ વિશેષ કાર્યક્રમમાં સહભાગી બની વિકલાંગ બાળકોને પ્રોત્સાહિત કરવા નગરજનોને અપીલ કરવામાં આવી છે.

## દેશના શહીદ વિરો પ્રત્યેનું ઋણ અદા કરવાનો અવસર

**શહીદ દિને સમગ્ર દેશમાં શહીદોની યાદમાં બે મિનિટનું મૌન પળાશે : શહીદો પ્રત્યે શ્રદ્ધા-સન્માનની ભાવના જાગૃત થાય તે માટે સહકાર આપવા અપીલ**

-----

**સાયરનની વ્યવસ્થા હોય ત્યાં સવારે ૧૦.૫૯ થી ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડી બે મિનિટ માટે મૌન પાળવામાં આવશે**

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે, તેવા શહીદ વીરોની સ્મૃતિમાં તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૫ને ગુરુવારના રોજ ×શહીદ દિને× સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળી દેશ માટે પ્રાણની આહુતિ આપનારા શહીદ વીરોને માન અર્પણ કરાશે. જે અંતર્ગત સમગ્ર રાજયમાં શક્ય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહનવ્યવહારની ગતિને આ બે મિનિટ સુધી બંધ રાખવા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જણાવાયું છે.

વધુમાં ગુરુવાર તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ જે સ્થળે સાયરન કે સેનાની તોપની વ્યવસ્થા હોય ત્યાં સવારે ૧૦.૫૯ થી ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડી કે તોપ ફોડી બે મિનિટ માટે મૌન પાળવા સૂચના અપાશે. સાયરન બંધ થાય કે તુરંત જ જ્યાં કાર્ય કરતા હોય તેવા બધા જ સ્થળોએ કામ કરનાર સૌ પોતપોતાની જગ્યાએ શાંત ઉભા રહી મૌન પાળશે અને રસ્તાઓ પરના વાહનવ્યવહાર શક્ય હોય ત્યાં સુધી થોભે તે જોવા વિનંતી કરવામાં આવી છે. બે મિનિટ બાદ મૌનનો સમય પૂરો થાય એટલે ૧૧.૦૨ થી ૧૧.૦૩ કલાક સુધી સાયરન ફરીથી વાગશે ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શરૂ કરવાનું રહેશે.

જે સ્થળોએ સાયરન અથવા અન્ય કોઇ સંકેતની વ્યવસ્થા નથી ત્યાં સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળવા માટે સંબંધિતોને જાણ કરવામાં આવશે. શહીદવીરો પ્રત્યે ઋણ અદા કરી મૌન પાળવાના આ અવસરને ગૌરવશાળી બનાવવામાં સહયોગ આપવા ગુજરાતના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સૌને અનુરોધ કરવામાં આવ્યો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.